વલસાડમાં સર્કિટ હાઉસથી હાલર તળાવ સુધીના ફૂટપાથ પરથી દબાણોનો સફાયો

વલસાડ,શુક્રવાર

વલસાડ શહેરમાં જાહેર માર્ગો અને ફૂટપાટ પર વધતા જતા દબાણો બાબતે થયેલી રજૂઆત બાદ આજે પાલિકા તંત્ર એક્શન મોડમાં આવી કડક કાર્યવાહી હાથ ધરી ૧૫ થી વધુ લારીઓ દૂર કરી, ૨ લારી કબજે લઈ તેમજ ૪ મંડપો હટાવીને ફૂટપાથને ખુલ્લી કરાવી હતી.

પાલિકાની ટીમે ૧૫થી વધુ લારીઓ દૂર કરી, ૨ લારી કબજે લીધી અને ૪ મંડપો હટાવીને ફૂટપાથને ખુલ્લી કરાવી

શહેરના વ્યસ્ત ગણાતા સર્કિટ હાઉસથી હાલર તળાવ સુધીના માર્ગ પર લાંબા સમયથી ફૂટપાટ પર લારી-ગલ્લા અને મંડપોના કારણે રાહદારીઓને ભારે હાલાકી ભોગવવી પડતી હતી. આ પ્રશ્ને આ વિસ્તારનાં સભ્ય નિતેશ વકીલે પાલિકાના ચીફ ઓફિસર યશપાલસિંહ વાઘેલાને રૂબરૂ મળી પુરાવા સાથે લેખિત રજૂઆત કરી હતી. રજૂઆતની ગંભીરતાને સમજીને ચીફ ઓફિસરે તાત્કાલિક દબાણ હટાવવાની સૂચના આપતા પાલિકાની ટીમ એcrશનમાં આવી હતી અને ફૂટપાટ પર ગેરકાયદે રીતે ઉભા કરાયેલા ૪ મોટા મંડપો સ્થળે પર જ તોડી પાડીને દૂર કરવામાં આવ્યા હતા અને સૂચના આપવા છતાં ફૂટપાથ ન છોડનારા ૨ લારીવાળાઓની લારીઓ પાલિકા તંત્ર દ્વારા કબજે લેવામાં આવી હતી. જ્યારે માર્ગમાં અવરોધરૂપ બનતા ૧૫ થી વધુ ખાણી-પીણી અને શાકભાજીના લારીધારકોને ત્યાંથી ખસેડવામાં આવ્યા હતા. આ કાર્યવાહીને કારણે ફૂટપાથ હવે રાહદારીઓ માટે સુરક્ષિત બની છે. તંત્ર દ્વારા આગામી દિવસોમાં પણ આ વિસ્તારમાં ફરી દબાણ ન થાય તે માટે સતત મોનિટરિંગ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

ઉમરપાડામાં કતલખાને લઈ જવાતા ૧૪ ગૌવંશ ભરેલી પિકઅપ પકડાઈ

બારડોલી, શુક્રવાર

સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકાના કેવડી ગામે ગેરકાયદેસર રીતે કતલખાને ઈરાદે લઈ જવાતા ૧૪ ગૌવંશ ભરેલી બોલેરો પિકઅપ ગાડી પોલીસે ઝડપી પાડી હતી. પોલીસને જોઈ ચાલક ગાડી સ્થળ પર મૂકી ભાગી ગયો હતો.

પોલીસને જોઈ ચાલક ગાડી મુકીને ભાગી છુટ્યો

ઉમરપાડા પોલીસે બાતમી આધારે કેવડી ગામની સીમમાં નાકાબંધી કરી હતી. તે સમયે આવેલી બોલેરો પીકઅપ ગાડી (નં.એમએચ-૪૧-એજી-૦૧૦૭) ના ચાલકે પોલીસ જોઈ ગાડી રોડ ઉપર મૂકી નાસી ગયો હતો. પોલીસે ગાડીની તલાસી લેતાં ૧૪ ગોવંશના મોઢા અને પગ ટૂંકા દોરડાથી બાંધી દીધા હતા. જેથી તેઓ હલનચલન પણ કરી શકે તેમ નહોતા. પશુઓ માટે ઘાસચારા કે પાણીની કોઈ વ્યવસ્થા રાખવામાં આવી ન હતી. પોલીસે પીકઅપમાંથી ૦૨ ગાય, ૦૧ બળદ અને ૧૧ વાછરડા મળી કુલ ૧૪ ગોવંશ પાંજરાપોળમાં મોકલી આપી પીકઅપ કબજે કરી અજ્ઞાત્યા ચાલક વિરુદ્ધ પશુઓ પ્રત્યે ક્રૂરતા પ્રતિબંધ અધિનિયમની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ પોલીસ ઈન્સ્પેક્ટર જે.જી.મોડ કરી રહ્યા છે.

ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસો.ની બેઠકમાં હોસ્પિટલના ટ્રસ્ટ મુદ્દે ભારે વિવાદ થયો

વાપી, શુક્રવાર

ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનની આજે શુક્રવાર મળેલી ખાસ સામાન્ય બેઠકમાં ૫૦ કરોડના ખર્ચે ઉભી થનારી હોસ્પિટલ માટે ટ્રસ્ટના મુદ્દે ભારે ગરમાગરમી થઈ હતી. જોકે, દાતાઓએ હોસ્પિટલના મહત્વ અંગે જાણકારી આપતા મામલો થાળે પડયો હતો. બેઠકમાં ટ્રસ્ટ બનાવવા, ટ્રસ્ટી અને હોસ્પિટલના નામ અંગે નિર્ણય કરી ઠરાવ કરાયો હતો.

ટ્રસ્ટની રચનાને લઈ આક્ષેપ-પ્રતિઆક્ષેપ બાદ રૂ.૫૦ કરોડના ખર્ચે ઉભી થનારી હોસ્પિટલના ટ્રસ્ટ, નામ અને ટ્રસ્ટીના મુદ્દે સર્વાનુમતે નિર્ણય

ઉમરગામ તથા આસપાસના વિસ્તારના લોકોને અદ્યતન આરોગ્ય સુવિધા મળી રહે તે હેતુથી ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસો. દ્વારા રૂ.૫૦ કરોડના ખર્ચે હોસ્પિટલ પ્રોજેક્ટ અંગે ક્વાયત આદરી હતી. જોકે, એનેક્ષ ઝરણોસર આ પ્રોજેક્ટ વિલંબ પડયો હતો. બાદમાં દાતાઓના સહયોગથી હોસ્પિટલ નિર્માણની કામગીરી શરૂ કરાઈ હતી. આ મહત્વકાંક્ષી હોસ્પિટલ પ્રોજેક્ટ માટે આજે શુક્રવારે યુ.આઈ.એ.ના પ્રમુખ દિપક ગુપ્તાની અધ્યક્ષતામાં ખાસ બેઠક બોલાવવામાં આવી હતી. બેઠક પૂર્વે ઉદ્યોગપતિઓ વચ્ચે ટ્રસ્ટ રચનાને લઈ આક્ષેપ પ્રતિ આક્ષેપો થતા ગરમાટો વ્યાપી ગયો હતો. જોકે, દાતાઓએ મહત્વકાંક્ષી હોસ્પિટલ પ્રોજેક્ટ અંગે મહત્વ સમજાવી આ મામલે અંદરો અંદર ખેંચાણ નહી કરવા અને આ પ્રોજેક્ટને સાકર કરવા જણાવાયા બાદ મામલો થાળે પડયો હતો.

બેઠકમાં હોસ્પિટલના ટ્રસ્ટની રચના, ટ્રસ્ટી અને હોસ્પિટલના નામ અંગે ચર્ચા કરાઈ હતી. જેમાં રૂ.૩ કરોડનું દાન આપનારા દાતાઓને કાયમી આજીવન સભ્ય બનાવવા, હોસ્પિટલનું નામ યુઆઈએ સર્વેન જીબાઈડીસી હોસ્પિટલ રાખવા સહિતના મુદ્દે ઠરાવ કરાયો હતો. હોસ્પિટલ નિર્માણનું કામ ચાલી રહ્યું છે. આગામી એક વર્ષ આરોગ્ય સુવિધા ચાલું થઈ જશે એમ જણાવાયું હતું. હોસ્પિટલના પ્રોજેક્ટ અંગે દાતાઓ અને સભ્યોએ મહત્વના સૂચનો પણ કરાયા હતા.

સેલવાસમાં ચાર દિવસીય ૫૩મું રાષ્ટ્રીય સંમેલનનો પ્રારંભ

વાપી, શુક્રવાર

સેલવાસ ખાતે નમો મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ દ્વારા ઈન્ટિયન એસોસિયેશન અને પ્રિવેન્ટીવ એન્ડ સોશિયલ મેડિસીન ૨૦૨૬નો આજે શુક્રવારથી પ્રારંભ કરાયો હતો. ચાર દિવસીય સંમેલનનો સંઘપ્રદેશના પ્રશાસક પ્રફુલ પટેલના હસ્તે પ્રારંભ કરાયો હતો. આ ચાર દિવસીય સંમેલનમાં ૧૫૦૦થી વધુ પ્રતિનિધિઓએ ભાગ લીધો છે. જેમાં ૧૫ વિદેશી પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે. સંમેલનમાં ૩૮૦ મૌખિક સંશોધન પ્રસ્તુતિઓ અને ૨૦૦ ઈ-પોસ્ટર પ્રસ્તુતિઓ આયોજિત કરાશે. સાથે આરોગ્ય સુવિધા સહિતના મુદ્દે ચર્ચા કરાશે.

પોતાની કાર ગીરવે મુકી ગણતરીના કલાકોમાં બીજી ચાવીથી ચોરી લેતી ગણદેવીની ગેંગ પકડાઈ

નવસારી,શુક્રવાર

પોતાની માલિકીની કાર જે-ને વ્યક્તિ પાસે ગીરવે મુકી ગણતરીના કલાકોમાં પોતાની પાસે રહેલી ચાવીથી કાર ચોરી લઈ છોતરપિંડી કરનાર ત્રણ શખ્સોને નવસારી એલસીબી પોલીસે બાતમી આધારે ગણદેવીના કેસલી ગામના યુવાન અને તેના બે સાગરીત મિત્રોને ઝડપી પાડતા ત્રણ ગુનાના ભેદ ઉકેલાયા છે.

કેસલીના યુવાન સહિત ત્રણને બે કાર સાથે એલસીબીએ ઝડપી લીધા મહારાષ્ટ્ર અને નાનાપોંઢાના બે મળી ત્રણ ગુનાના ભેદ ઉકેલાયા

મહારાષ્ટ્રની નિઝામપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા એક વેપારી પાસે જઈ ગણદેવીના કેસલી ગામે પટેલ ફળિયામાં રહેતા સુરેન્દ્ર ઈશ્વરભાઈ પટેલ અને તેના સાગરીત પ્રદીપ દશરથભાઈ પટેલ (રહે, સરપંચ ફળિયા, નારણપોર, તા.ખેરગામ, જિ.નવસારી) અને જીતેન મનુભાઈ પટેલ (રહે.માલવણ ગામ, કદીવા ફળિયા, તા જિ વલસાડ)એ એકબીજાની મદદથી પોતાની આર્ટિગા કાર (નં.જીજે-૧૫-સીજે-૪૪૦૦) ઠગાઈ કરવાના ઈરાદે બજાર કિંમત કરતા ઘણ ઓછી કિંમતે અલગ અલગ બહાના બાજી કરી ટૂંક સમય માટે ગીરવે મુકી હતી.

વેપારીને વિશ્વાસમાં લઈ તેની પાસેથી કારની અવેજમાં રૂપિયા મેળવી લીધા બાદ આ ત્રણેય શખ્સોએ કાવતરાના ભાગ રૂપે તેમની ગીરવે મુકેલ કારની પોતાની પાસે રાખેલ ચાવી વડે ગણદેવીના કેસલીમાં જ ચોરી કરી મહારાષ્ટ્રના સાકી ધુલિયા થઈ ભાગી ગયા હતા. આ અંગે મહારાષ્ટ્રના નિઝામપુર પોલીસમાં છોતરપિંડીનો ગુનો નોંધાયો હતો.

જેમાં નવસારી એલસીબી પોલીસે બાતમી આધારે આ ત્રણેય શખ્સોને કેસલી ગામેથી દબોચી લીધા હતા. પોલીસે ત્રણેય આરોપીઓ પાસેથી આર્ટિગ કાર અને વેગનઆર કાર (નં જીજે-૨૧-સીસી-૧૪૪૨) કબ્જે કરી હતી. આ ત્રણેય આરોપીઓની પ્રાથમિક તપાસમાં મહારાષ્ટ્રના નિઝામપુર પોલીસ અને વલસાડના નાનાપોંઢા પોલીસના બે મળી કુલ ત્રણ ઠગાઈના ગુનાનો ભેદ ઉકેલાયો છે.

ચીંચાઈ ગામે મહિલાના ચારિત્ર્ય અંગે આક્ષેપો કરી પુત્ર અને સસરાએ મારી

વલસાડ,શુક્રવાર

વલસાડ તાલુકાના ચીંચાઈ ગામે પરિવારિક વિવાદનો મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. ચારિત્ર્ય બાબતે સસરાએ મહિલા પર આક્ષેપ કરી વિવાદ કરતા ઉશ્કેરાઈ ગયેલ મહિલા ના પુત્રે માથામાં લાકડીથી માર મારતા મહિલા ઈજાગ્રસ્ત થઈ હતી. ફરિયાદ મુજબ, ભાવનાબેન વિજયભાઈ પટેલ (ઉ.વ.૪૧) પારડી ખાતે આવેલી કંપનીમાં કામ કરે છે. તેઓ પાથરીની સારવાર માટે ધરમપુર સ્ટેટ હોસ્પિટલમાં દાખલ હતા અને તા.૨૪ ફેબ્રુઆરીએ સાંજે ઘરે પરત ફર્યા હતા. રાત્રે આશરે ૯:૧૫ વાગ્યે તેઓ ઘરે ઓટલા ઉપર બેઠા હતા ત્યારે તેમના સસરા નટુભાઈ મન્સુભાઈ પટેલે તેમ ચારિત્ર્ય અંગે અપમાનજનક આક્ષેપો કરી ગાળો આપી હતી. ભાવનાબેને વિરોધ કરતા નટુભાઈએ તેમને પકડીને માર માર્યો હતો. આ દરમિયાન તેમનો પુત્ર દર્શીત વિજયભાઈ પટેલ પણ આવી પહોંચ્યો હતો તેણે પણ ભાવનાબેનનો વિરોધ કરી ઝપાઝપી કરી ગાળો આપી હતી., ઝપાઝપી દરમિયાન દર્શીતના હાથમાં રહેલી લાકડી માથામાં વાગતા ભાવનાબેનને ઈજા થતા લોહી નીકળ્યું હતું. ભવનાબેને ભુમાબુમ કરતા લોકો ભેગા થયા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા તેમને ધરમપુર સ્ટેટ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન પોલીસ સમક્ષ આપેલા નિવેદનના આધારે બંને આરોપીઓ સામે ગુનો નોંધાયો છે અને પોલીસ વધુ તપાસ કરી રહી છે.

પારડીની કંપનીમાં નોકરી કરતી ભાવનાબેન પટેલને પહેલા સસરાએ અને પછી આવેલા પુત્રએ લાકડીથી ફટકો માર્યો

બીલીમોરાના યુવાને બિમારીથી કંટાળી દેવધા ડેમમાં મોતની છલાંગ લગાવી

બીલીમોરા,શુક્રવાર

બીલીમોરાના દેવધા ગામ પાસેના દેવધા ડેમમાંગંભીર બિમારીથી કંટાળી ઓરિયા મોરિયા વિસ્તારમાં રહેતા યુવાને મોતની છલાંગ લગાવી આત્મહત્યા કરી લીધી હતી.

મિત્ર સાથે ડેમ પર ફરવા ગયેલા ૩૯ વર્ષના જીતેશ પટેલે એકાએક છલાંગ લગાવી, કલાકો બાદ મૃતદેહ મળ્યો

બીલીમોરાના ઓરિયા મોરિયા વિસ્તારમાં રહેતા જીતેશ અરવિંદભાઈ પટેલ (ઉ.વ.૩૯) તેના મિત્ર સાથે દેવધા ડેમ ફરવા ગયો હતો. બંને મિત્રો જ્યારે ડેમ પાસે વાતો કરી રહ્યા હતા ત્યારે અચાનક જ જીતેશે કાંઈ પણ વિચાર્યા વગર ડેમના ઊંડા પાણીમાં પડતું મુક્યું હતું. મિત્રને નજર સામે ડુબતો જોઈ ગભરાયેલા સાથી મિત્રે તાત્કાલિક સ્થાનિકો અને પોલીસને જાણ કરી હતી. ઘટનાની ગંભીરતા જોતા બીલીમોરા પોલીસનો કાફલો અને પાલિકાના ફાયર ફાઈટરો તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા. સ્થાનિક તરવૈયાઓની મદદથી કલાકોની ભારે જહેમત બાદ જીતેશનો મૃતદેહ નદીમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો.

પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, જીતેશ પટેલ છેલ્લા લાંબા સમયથી ક્રોની ગંભીર બિમારીથી પીડાતો હતો. જેના કારણે તે સતત માનસિક તણાવમાં રહેતો હોવાનું અનુમાન છે. આ શારીરિક પીડાથી કંટાળીને તેણે આ અંતિમ પગલું ભર્યું હોવાનું મનાય છે.

આફરિનઆફરિનઆઈ મુકેનિમિલ લાઈવ લોન્ચ કર્યું"ડિગિકેર લીઝર્સ પ્રા" ઈનકેક ફ્રેડ આફરિનઆફરિનઆઈ મુકેનિમિલ લાઈવ લોન્ચકરેલ આફરિનઆફરિનઆઈ મુકેનિમિલ લાઈવ લોન્ચકરેલ કંપની દ્વારા ચીફ ઈનવેસ્ટમેન્ટ ઓફિસર શ્રી મનિષ કુમારે જણાવ્યુ, ડિગિકેર લીઝર્સ પ્રા ઈનકેક ફ્રેડ ગ્રાહકોને વિશ્વભરના અને પારદર્શક ડેલ્હાઉ લક્ષ્યવાળા ઓફર કરેછે.

હોળીને ધ્યાને રાખી આજે વાંસદા બજાર ચાલુ રહેશે

વાંસદા,શુક્રવાર

વાંસદા ખાતે દર મહિનાના ચોથા શનિવારના રોજ બજાર બંધ રહે છે પરંતુ આ વખતે હોળીના તહેવારનો ધ્યાનમાં રાખી આવતીકાલના ચોથા શનિવારે વાંસદા વેપારી મંડળે બજાર ચાલુ રાખવાનો નિર્ણય લીધો છે. જેથી શનિવારે બજાર ચાલુ રહેશે.

વેચાણ અંગેની જાહેર નોટીસ

વલસાડ ડિસ્ટ્રીક્ટના સબ રિજીસ્ટ્રાર વલસાડના વલસાડ તાલુકાના મોજે ગામ વણકરી મુકામે ખાતા નં.૨૩૧૮, બ્લોક સર્વે નં.૧૫૬૮ (જૂની નં.૧૮૨૮), ચોરસમી.૦.૩૮.૫૪ ચો.મી., આકાર રૂ.૮.૨૦ વિગત તથા ખાતા નં.: ૩૩૮, બ્લોક સર્વે નં.: ૧૫૮૮ (જૂની નં.:૧૮૨૮), ચોરસમી ૦.૮૦૬૧ ચો.મી., આકાર રૂ.૧૮.૦૦ પૈકા વાળી મોજણીની જમીન જેમાં લાગતા વળગતા તમામ હકકે સહિતની મિલકત સુશ્રી સુધાબા હસુભાઈ પટેલની માલિકી, પ્રત્યક્ષ કબજા, ભોગવટામાં વાળી આવેલ છે. તથા વલસાડ ડિસ્ટ્રીક્ટના સબ રિજીસ્ટ્રાર વલસાડના વલસાડના તાલુકાના મોજે ગામ વણકરી મુકામે ખાતા નં.: ૩૩૦, બ્લોક સર્વે નં.: ૧૫૩૩ (જૂની નં.: ૧૮૩૩), ચોરસમી ૧.૦૮.૬૧ ચો.મી., આકાર રૂ.૧૩.૫૫ પૈકા વાળી મોજણીની જમીની જેમાં લાગતા વળગતા તમામ હકકે સહિતની મિલકત પ્રવિણભાઈ રણશંગભાઈ પટેલ, મેનેજીંગ પાર્ટનર તથા મોનાલીસી જનરલ ટ્રાડિંગ કોલિયરવાળી વલસાડ જુવાચી અમારા અસીલને કિંમતે અવેજ ચુકવી વેચાણ લેવાના વાત નક્કી કરેલ છે. સદરહું મોકલવામાં આવતા જાહેર નોટીસ પ્રકાશન થતિ, લંડન, લાગેલાગ, દરવાજો, ખરતણપોષણના હકકો, લીયન, ઈઝમેન્ટના હકક હોય તો કોઈ વ્યક્તિ, એક કે નજીકીય સંબંધના બોજા, વારસે કે લોહી માંથી હોય તો તેવણ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૦૩ માં અમોને આધારભૂત પુરાવા સહિત લેખિતમાં જણ કરવી. જો મજકુર મુદતમાં સદર કોઈ વસ્તુ કરવા યોગ્ય અમારી સમક્ષ રજૂ થશે નહીં, તો સદરહું મિલકતમાં કોઈનો બોજો યોગ્ય, હકક, અધિકાર નથી અને હોય તો તે જણ (વ્યક્તિ) કાયદા મુજબ તેઓ તેમની સામે કોઈ કાર્યવાહી કરવા માંગતા નથી પણ કરવા અંગેની જરૂરી કાર્યવાહી પૂર્ણ કરવે અને કિંમતી અવેજ મુકવી સદરહું મિલકતનો વીશેરૂર વેચાણ કરવાંકર કરાવી લેશે. ત્યારબાદ બોજા કોઈ પણ કરેલો હશે તો તેવું વેચાણ સંતોષ હાલ કે ખરિયામાં સદરહું મિલકતના ટાઈટલ બાબતે કોઈની પણ કોઈ પણ પ્રકારની વાત નક્કરાર ચાલતી નહીં જેથી જાહેર જનતાને નોંધ લેવી.**

તા. ૨૬/૨૦૨૬

મારી સહીની મુદ્દતમાં અને રૂબરૂમાંથી

SD/- - Bhupesh Patel

- ભુપેશભાઈ પટેલ.

CIRCUS

મારા વિદેશી કલાકારો દ્વારા ભજવાતું એક્શન ફુલ ફ્રેશ

રશીયન, મેક્સીકન, યુરોપીયન, આફ્રિકન, મંગોલીયન કલાકારો સાથે દર્દી ન જોયા હોય તેવા જબરદસ્ત સ્ટંટ

વાપીમાં પહેલી જ વાર એનિમલ હોલોગ્રામ શો અને ભવ્ય લેસર શો

દો સમય બાળો 2 કલાક

OLYMPIAN CIRCUS PRESENTS

ઈન્ટરનેશનલ સર્કસ ફેસ્ટીવલ

વાપી-ચલા મુક્તાનંદ માર્ગ મહાદેવ મંદિરની બાજુમાં

આજે/કાલે 3 શો 3 6 9

સોમવારથી 2 શો 6 9

Follow us @vapiarts @surattarts

ટીકીટ બુકીંગ સ્થળ ઉપર સવારે ૧૦ થી આખો દિવસ

Online Tickets on : bookmyshow

સંપર્ક : 7990555636

પાયલોટ નોંધ લેવી કે કોર્પોરેટ જાહેરખબરમાં પ્રકાશીત માહિતીની સત્યતા વાચકે અમો કોર્ન લાંબેથી જાણતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને કોમ્ય નિર્ણય લેવાનો રહેશે.

- જાહેરખબર મેનેજર

PUBLIC NOTICE

That **Mrs. Hema Dharmesh Mistry,** R/o. 19, Balaji Apartment, B/h. Ashish Hospital, Kasturba Hospital Road, Near Jaldevi Mata Temple, Valsad, Tal. And Dist. Valsad - 396001 had reported to our client State Bank Of India Umbergam GIDC Estate Branch that below mentioned documents in respect of the scheduled properties have been found misplaced or lost;

Misplaced Documents In Respect Of The Property

1. The original registration receipt of registered sale deed executed by **Atulbhai Premjibhai Malde And Priya Atulbhai Malde** in favour of **Harishkumar Bhagwandas Tailor And Devika Harishkumar** Tailor bearing serial no. 562 dtd.04.02.2011.

SCHEDULE OF THE PROPERTIES

All the piece and parcels of residential Flat No.405 adm.1044.00 sq.ft. (97.02 sq.mts.) super built up area on the 4th Floor of the building prominently known as **R. M. Park-A-Building, Wing-A,** Gram Panchayat House No.3693 raised on N. A. land S. No.629/3/P.4 total adm.5339.00 sq.mts. Paiki 4139.00 sq.mts. Paiki 457.39 sq.mts. along with undivided share in the land adm.19.10 sq.mts. after promulgation New Block/Survey No.4984 Adm.4784.00 sq.mts. of Bhagdawada, Tal. And Dist. Valsad.

Any person/Financial Institution having interest in regard to the aforesaid documents/property may notify to the undersigned in writing along with true attested document of claim within 7 (Seven) days from the publication of this public notice by registered mail, if no claim is lodged, my client will accept the version that the aforesaid original documents/securities is/are lost or misplaced as per his/their solemn declaration and they client will obtain the mortgage documents and will create first charge over the mortgaged property in its favour and if any such claim or objection raised after the stipulated time period it then will be treated as waived, please note.

Amit S. Kapadia
Dhruvil A. Kapadia - Advocates
Off: Aangan Apartment, Ground Floor,
Tithal Road, Valsad 396001.

Instructed By Us:
Date: February 27, 2026

Milano MULTIPLEX

બારડોલી

THE KERALA STORY 2
10:00 am, 12:00pm, 01:00 pm, 03:00 pm, 04:00pm, 06:00 pm, 07:00pm, 09:00pm, 09:30pm, 10:00pm.

LAAGNI NO MELO-GUJARATI
05:00 pm

O'ROMEO
10:30 am

MARDAANI 3
02:00 pm

Ph :- 02622-230068

"Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક :
98791 33333

જનરલ પાવર ઓફ એટર્નીનો લેખ રદ કર્યા અંગેની જાહેર નોટીસ

આથી લાગતા-વળગતા તમામને હાલની આ જનરલ પાવર ઓફ એટર્નીનો લેખ રદ કર્યા અંગેની જાહેર નોટીસ આથી જણાવવાનું કે, વમાડ અસીલ **મનીષભાઈ નટવરભાઈ ઘડીયાળી,** સે. ૩, મીત કોમ્પલેક્ષ, પ્રણાવનિવાડી, વિશ્વવંધન, તા. જલાલપોર, જી. નવસારી, હાલ રહે. LUMPINI PLACE WATERCLIFF I SUITE NO 425 193 22ND FLOOR BUILDING NO B F BANGKOK, THAILAND નામે (૧) વિજયાબેન, તા. જલાલપોર (સ્વર્ગવાસી થયેલ), મોજે: વિશ્વવંધન મુકામે આવેલ રેવન્યુ સર્વે નં. ૫૪/અ/૧ પૈકી૧/પૈકી૨, પ્લોટ નં. ૧, જેનો મ્યુનિસિપલ જુની ધર નંબર ૧૩૪૨ તથા નવો ધર નંબર ૧૦૦૮૫૨૬૦/૦ વાળી મિલકત તથા (૨) મહારાષ્ટ્ર રાજ્યના મુંબઈ મુકામે રાયવા વાડી, ફેન્ચ બ્રીજ ચોપાટી મુકામે આવેલ રૂમ નં. ૧૬, બીજો માળ, બિલ્ડીંગ નં. ૪-૧ વાળી મિલકતો સહમાલિક/કબજેદાર તરીકે ચાલી આવેલ હતા અને છે. સદરહું મિલકતો એને પાવરદાર તરીકે કાયદે કરવા હમારા અસીલે એક જનરલ પાવર ઓફ એટર્ની તા નોંધણી એડવોકેટ એન.કી પરીમલ પી. વૈદ્ય એ સીરીયલ નં. ૪૬૫૨ થી તા. ૪/૦૮/૨૦૧૭ ના રોજ નવસારી મુકામે નોંધણી કરેલ છે. જે જનરલ પાવર ઓફ એટર્ની હાલની આ નોટીસથી હમારા અસીલે રદ જાહેર કરે છે. જે એનેની જાહેર જનતાને જાણ કરવા સબબ હાલની આ નોટીસ આપવાની ફરજ પડેલ છે. હાલની આ જાહેર નોટીસ આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, સદરહું રદ થયેલ જનરલ પાવર ઓફ એટર્ની ના આધારે, જો ઉપરોક્ત વ્યક્તિ સાથે હમારા અસીલ ના નામથી જો કોઈ વ્યવહારો કરવામાં આવશે તો તે એનેની કોઈપણ પ્રકારની જવાબદારી હમારા અસીલની રહેશે નહીં, અને સમગ્ર જવાબદારીઓ જે તે વ્યક્તિ ની રહેશે. આમ, સદરહું જનરલ પાવર ઓફ એટર્નીનો ઉપયોગ કરી હાલમાં કે ભવિષ્યમાં કોઈ વેચાણ દસ્તાવેજ અથવા તો તેને લગતા કોઈપણ લખાણો જેમ કે સાટાખતો, સોદાચિઠ્ઠી, કે વેચાણ/ભાડા પહાંગીરો વિગેરે એનેના કોઈપણ કરારો કે કોઈપણ કાર્યવાહી કરેલ હોય તો રદ થાય કે કેન્સલ કરવાના રહેશે. જેની જાહેર જનતા તથા લાગતા-વળગતા તમામને નોંધ લેવી.

અસીલની સહી - મનીષભાઈ નટવરભાઈ ઘડીયાળી

હમારા અસીલની સુચના અને કરમાંયેલથી,

માધુરી પ્રવિણભાઈ ચાવડા (એડવોકેટ)

તા. ૨૭-૦૨-૨૦૨૬

૬, ગ્રીન વ્યુ, આદર્શ રો-હાઉસની પાછળ, તિથલ રોડ, ભાગડાવાડા, વલસાડ, તા. જી. વલસાડ. મો.: ૯૭૧૪૬ ૨૧૪૪૦, ૭૬૬૦૪ ૨૫૦૨૪

બેંક ઓફ બરોડા, રીજીયલ ઓફિસ
મહાવીરથી ટાવર, પ્લો માળ, તિથલ રોડ, વલસાડ.
ફોન : 02632-241454, મો.: 8872485474
ઈ-મેઈલ : recovery.bulsar@bankofbaroda.co.in

સ્યાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટીસ
પરિશિષ્ટ-૪-એ (જુલ્મી નિયમ ૬(૨) અને ૮(૬)ની જોગવાઈઓ)

સિકયોરીટાઈઝેશન એન્ડરેસ્ટ (એનફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૬(૨) અને ૮(૬) ની જોગવાઈઓ સાથે વંચાતા સિકયોરીટાઈઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ અને એનફોર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ હેઠળ સ્યાવર મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટિસ

આથી ખાસ કરીને દેવાદાર(રો) તથા જામીનદાર(રો)તથા જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે નીચે જણાવેલ સ્યાવર મિલકતો સિકયોરેડ લેણદાર(રો) ગીરો/વાર્જ કરાયેલ છે, જેનો કબજો બેંક ઓફ બરોડા, સિકયોરેડ લેણદારના અધિકૃત અધિકારીએ લઈ લીધો છે , જેનું નીચે દર્શાવેલ એકાઉન્ટ(રો)ની વસુલાત માટે **"જ્યાં છે", "જે છે" અને "જેમ છે" "આકસ્ય વિનાના"** ના ધોરણે વેચાણ કરવામાં આવશે. દેવાદાર/રો/ જામીનદાર(રો)/ સિકયોરીટી મિલકત(તો)/બાકી રકમ/ રીઝર્વ કિંમત / ઈ-હરાજીની તારીખ અને સમય, ઇરાદેમડી અને બીડ વૃદ્ધિની રકમ નીચે મુજબ છે .

ક્રમાંક/ લોટ નં.	શાખા નામ સંપર્ક નં.	દેવાદાર(રો) / જામીનદાર/રો ના નામ અને સંકલામાં	જાણમાં હોય, જો કોઈ હોય તો તેના બોજા સહિત સ્યાવર મિલકતની ટૂંકી વિગત / ઈજારાની પ્રકાર	કુલ બાકી રકમ	રીઝર્વ કિંમત ૨. અર્નેસ મની ડિપોઝીટ (રકમેડી) ૩. બીડ વૃદ્ધિની રકમ
1	ROSARB 8872485474	મે. વલ્લી ઇલાસ્ટીક પોલ્યમર કો લિમિટેડ,મારફતમાર્ફ માલી (દેવાદાર) અને નમાન પરવીનબાનુ માલી, શી ઇનેબુલાર કલ્યુબાલા માલી	૧. મિલકતનો તમામ ભાગ અને પાર્કિંગ જેનો પ્લોટ નં. ૧૦ ભાગ ઇરાદો છે અને સુંદરમ પ્રોપર્ટીઝ દ્વારા વિકસાવેલ ૩૩૬.૬૬ ચોરસ મીટર છે જે એનો જમીન ઇરાદાદારી જેનો ફેલ્ટમુ કર્યો નં. ૨૦૦/પૈકી (૬૪૫૭૩૩૩૩૩ ફેલ્ટમુ કર્યો નં. ૬૦૦/પૈકી૩) ગામ સરકોર તાલુકો અને જુલ્મી વલસાડ ખાતે સ્થિત છે. જે મી નમાન પરવીનબાનુ માલી અને શી ઇનેબુલાર કલ્યુબાલા માલીનો છે. **મિલકતની મર્યાદીમાની ઉપર :** પ્લોટ નં. ૦૩ **પૂર્વ** બ્લોક/સર્વે નં. ૧૮૩ ઇરાદાદારી મિલકત **દક્ષિણ** પ્લોટ નં. ૧૦ નો ભાગ **પશ્ચિમ** રોડ. **(અત્યારા ૬૦૮૭)**	**રૂ. ૫૯,૮૬,૬૦૩.૮૩/- ૦૫.૧૨.૨૦૨૫ મુજબ**	**૧. રૂ. ૧૫,૭૦,૦૦૦/- ૨. રૂ. ૧,૫૧,૦૦૦/- ૩. રૂ. ૧૦,૦૦૦/- (અત્યારે ૧૦ મિનિટના અમર્યાદિત વધારા સહિત)**
			૨. મિલકતનો તમામ ભાગ અને પાર્કિંગ જેનો પ્લોટ નં. ૧૦ ભાગ ઇરાદો છે જે મુજબ સુંદરમ પ્રોપર્ટીઝ દ્વારા વિકસાવેલ ૩૩૬.૬૬ ચોરસ મીટર છે જે એનો જમીન ઇરાદાદારી જેનો ફેલ્ટમુ કર્યો નં. ૬૦૦/પૈકી૩) ગામ સરકોર તાલુકો અને જુલ્મી વલસાડ ખાતે સ્થિત છે. જે મી નમાન પરવીનબાનુ માલી અને શી ઇનેબુલાર કલ્યુબાલા માલીનો છે. **મિલકતની મર્યાદીમાની ઉપર :** પ્લોટ નં. ૦૩ **પૂર્વ** બ્લોક/સર્વે નં. ૧૮૩ ઇરાદાદારી મિલકત **દક્ષિણ** પ્લોટ નં. ૧૦ નો